તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૭૨ ટકા
વરસાદ છેલ્લા ૨૪ કલાક ● ૬ મી.મી. ● મૌસમનો કુલ ૪૮૭ મી.મી.

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૩ | ૩ સપ્ટેમ્બર, ૨૦૧૬, શનિવાર ; ભાદરવા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





## પાકિસ્તાની સેનાનો સરહદ પર ગોળીબાર

શ્રીનગર,તા. ૨

પાકિસ્તાની સેનાએ ફરી એકવાર જમ્મુ જિલ્લાના અખનૂર સેક્ટરમાં અંકુશરેખા ઉપર આજે જોરદાર ગોળીબાર કર્યો હતો જેના પરિણામ સ્વરુપે ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની સેના તરફથી કરવામાં આવેલા બિનઉશ્કેરણીજનકના ગોળીબારમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ભારતીય સેનાએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. જો કે, બંને પક્ષોએ કોઈ ખુવારી થઈ છે કે કેમ તે અંગે માહિતી મળી શકી નથી.

# ટ્રેડ યુનિયનોની હડતાળથી માઠી અસર

**હડતાળમાં ૧૮ કરોડ કર્મચારીઓ જોડાતા જરૂરી સેવાઓ ખોરવાઈ : તિરુચિરાપલ્લી સહિત કેટલાક મોટા શહેરોમાં હડતાળના કારણે લોકો જુદી જુદી જગ્યાઓએ અટવાયા : અનેક રાજ્યમાં ઓછી અસર : જુદી જુદી માંગ**




નવી દિલ્હી,તા. ૨

ટ્રેડ યુનિયનોની જુદી જુદી માંગણીને લઈને આજે દેશવ્યાપી હડતાળ રહી હતી જેના પરિણામ સ્વરુપે બેકિંગ અને પરિવરન સેવાઓ સહિત કેટલીક જરૂરી સેવાઓ ઉપર માઠી અસર થઈ હતી. આ સેવાઓના લીધે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક રાજ્યોમાં હડતાળની સૌથી વધારે અસર જોવા મળી હતી જેમાં કેરળ અને ડાબેરી વર્ચસ્વવાળા રાજ્યોનો સમાવેશ થાય છે. ગુજરાત સહિતના ૨ ાજ્યોમાં હડતાળની ઓછી અસર જોવા મળી હતી. બેંકિંગ અને પરિવહન સેવા સહિત જરૂરી સેવાને અસર થઈ હતી. ઘણા રાજ્યોમાં સંગઠનોએ રેલીઓ કાઢી હતી. દેશના ૧૦ પ્રમુખ કેન્દ્રીય શ્રમિક સંગઠનોના કર્મીઓ હડતાળ ઉપર ઉતર્યા હતા. સરકાર દ્વારા શ્રમ કાયદાઓમાં ફેરફાર અને વધારે મજુરીની માંગને લઈને ઉદાસીનતા દર્શાવતા હડતાળ પાડવામાં આવી હતી. હડતાળને સારો પ્રતિસાદ મળ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સિટુના મહાસચિવ તપનકુમાર

● અનુસંધાન પાન-૭ પર

## પંજાબમાં નવજોત સિદ્ધુએ નવી પાર્ટીની રચના કરી ચોંકાવ્યા

**એએપી લીડર અરવિંદ કેજરીવાલને પણ મોટો ફટકો આપ્યો : સિદ્ધૂ એએપીમાં સામેલ થશે તેને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત કેજરીવાલની સામે રણશિંગૂ ફૂંક્યું**



નવીદિલ્હી,તા. ૨

ભાજપને ચોંકાવી દઈને રાજ્યસભામાંથી રાજીનામુ આપી દેનાર નવજોત સિદ્ધૂએ હવે નવો ગુગલી બોલ ફેંક્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પણ ફટકો આપીને સિદ્ધૂએ પંજાબ વિધાનસભા ચૂંટણી માટે નવો મોરચો બનાવી દીધો છે. સિદ્ધૂએ આ નવા મોરચાની નામ અવાજે પંજાબ રાખ્યું છે. સિદ્ધૂના પત્નિ નવજોત કૌરે આ અંગેની માહિતી આપી છે. સિદ્ધૂએ પૂર્વ હોકી ખેલાડી પરગતસિંહની સાથે મળીને પંજાબમાં નવા મોરચાની શરૂઆત કરી છે. પરગતસિંહે એક ફોટો શેર કરીને આ અંગેની માહિતી આપી છે. આ ફ્રન્ટમાં ધારાસભ્ય સિમરજીતસિંઘ અને તેમના ભાઈ બલવિન્દરસિંહને પણ સામેલ કરવામાં આવ્યા છે. પરગત અને તેમના ભાઈઓની શરૂઆતમાં આમ આદમી

● અનુસંધાન પાન-૭ પર

# જીયો ઈફેક્ટ : ટેરીફ વૉર આરંભાઈ

**રિલાયન્સ જીયોએ ટેરિફ વોર છેડી દીધા બાદ કંપનીઓને ફરજ પડશે : ગ્રાહક નેટવર્કને જાળવી રાખવા ત્રણ મહાકાય કંપનીઓ વચ્ચે સ્પર્ધા : ક્વાલિટી વધારે મહત્વપૂર્ણ રહેશે નહીં : ટેરિફનો જ મામલો પ્રભાવ જમાવશે તેવો મત**

નવી દિલ્હી,તા. ૨

ભારતી એરટેલ, વોડાફોન અને આઈડિયા સેલ્યુલર આગામી થોડાક સપ્તાહમાં જ હેટા અને કોલિંગ રેટમાં ભારે ઘટાડો કરી શકે છે. ટેલિકોમ ઈન્ડસ્ટ્રીઝના જાણકાર લોકોનુ કહેવુ છે કે ત્રણેય કંપનીઓને ટેરિફ વોરનો જવાબ આપવાની હવે ફરજ પડી શકે છે. કારણ કે રિલાયન્સ જીયો દ્વારા જોરદાર જાહેરાતો કરવામાં આવી છે. નામ જાહેર નહી કરવાની શરતે જાણકાર લોકો કહી રહ્યા છે કે કંપનીઓને વહેલી તકે જવાબ આપવા પડશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ગઈકાલે જીયોના ગ્રાહકો માટે મફત વોઈસ કોલીંગ, શૂન્ય રોમીંગ ચાર્જ અને સસ્તા ડેટા દરોની જાહેરાત કરીને મોબાઈલ માર્કેટમાં હરીફ કંપનીઓને હચમચાવી દીધી હતી. આ ઉપરાંત અંબાણીએ જીયો ગ્રાહકો માટે પાંચમી સપ્ટેમ્બરથી ૩૧ ડિસેમ્બર વચ્ચેના ગાળામાં મફત ફ્રી વેલકમ ઓફરની જાહેરાત કરી હતી. જેના ભાગરૂપે જીયો શરૂઆતી ચાર મહિના માટે મફત ડેટા સેવાઓની ઓફર કરશે. ત્યારબાદ તે ડેટાના ૧૦ પ્લાનની ઓફર કરશે. ૧૪૯ રૂપિયા દર મહિનનાના પ્લાન, ખૂબ વધારે ડેટાનો ઉપયોગ કરનાર માટે

● અનુસંધાન પાન-૭ પર






જય અંબે - ગુજરાતના સૌથી જૂનો પદયાત્રા સંઘ લાલદંડાવાળા પગપાળા સંઘ શુક્રવારે ગાંધીનગરથી પસાર થયો હતો... સતત ૧૮૨માં વર્ષ શક્તિપીઠ ધજા ચડાવવા જઈ રહેલ લાલદંડાવાળા સંઘમાં માતાજીના નિશાન, ૬૧ ધજા, ત્રિશુલ, ધૂપ અને કમંડળ સાથે ભાવિકોએ પિતાબંરના પરિવેશમાં પ્રસ્થાન કર્યું હતું... અલૌકિક માહોલમાં આરંભાતા પદયાત્રા સંઘનું પ્રસ્થાન પણ વેદમંત્રોચ્ચારથી થયું હતું....

# ૧૨૫ ચોમીના મકાનના બાંધકામ હવે મંજુરી નહિ

**બાંધકામ બાદ જે તે સત્તામંડળની વપરાશની મંજુરી લેવી પડશે :રાજ્યની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં એક સરખા અને સમાન વિકાસ પરવાનગી પ્રક્રિયાના નિયમો લાગૂ**

અમદાવાદ, તા.૨

રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું હતું કે, આજે વધુ એક વખત રાજય સરકારના પ્રજાલક્ષી નિર્ણયોની માહિતી આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વની આ રાજય સરકારે પ્રજાલક્ષી નિર્ણયોને પ્રાધાન્ય આપ્યું છે. રાજય સરકારે રાજયની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં એક સમાન વિકાસ પરવાનગી પ્રક્રિયાના નિયમો લાગુ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જેના કારણે સમાન પરફોર્મન્સ રેગ્યુલેશન દ્વારા વહીવટી અને વિકાસ કામગીરીમાં એકસુત્રતા આવશે. મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, ૧૨૫ ચો.મી સુધીના વ્યક્તિગત મકાનના બાંધકામ માટે હવે રાજયના નાગરિકોને નગરપાલિકા કે મહાનગરપાલિકા પાસેથી બાંધકામની મંજુરી લેવામાંથી મુક્તિ પણ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં મહાનગરપાલિકાઓ, તેને સંલગ્ર શહેરી વિકાસ સત્તામંડળો તથા નગરપાલિકાઓમાં બાંધકામની મંજુરી માટે દરેક સત્તામંડળોને પોતાના અલગ અલગ વિકાસ નિયંત્રણ નિયમો અમલમાં છે. જેમાં એકસુત્રતા લાવવા રાજય સરકારે ૮ મહાનગરપાલિકા અને વર્ગ-૧ની ૧૪ નગરપાલિકા તથા તેને સંલગ્ર સત્તામંડળોને એકસરખા સમાન વિકાસ પરવાનગી પ્રક્રિયાના નિયમો લાગુ કરવામાં આવ્યા હતા. હવે રાજય સરકારે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં આ સમાન પ્રક્રિયાના નિયમો ટાઉન પ્લાનીંગ એકટ હેઠળની બાકી ૧૧૦ નગરપાલિકાઓને પણ લાગુ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. હવે ટાઉન પ્લાનીંગ એકટનો અમલ ધરાવતી બધી જ મહાનગરપાલિકા તેને સંલગ્ર સત્તામંડળો તથા નગરપાલિકાઓમાં સમાન અરજી ફોર્મ, બાંધકામની તમામ વ્યાખ્યાઓ એન્જીનીયર આર્કિટેક્ટ માટેના સમાન લાયસન્સ ફોર્મ, પ્લાન રજુ કરવાનું સમાન ફોર્મેટ, વગેરે લાગુ કરવામાં આવ્યા છે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ વધુમાં જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજયની તમામ શહેરી સંસ્થાઓના સમાન પર્ફોમન્સ રેગ્યુલેશન લાગુ કરવામાં આવ્યાં છે. જે મુજબ રાજયમાં પર્યાવરણને લગતાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ગ્રેવોટર રીસાઈકલીગ, એગ્રિશમન, કાચનો વપરાશ, લીફ્ટ, ઘન કચરાનું વ્યવસ્થાપન, વગેરે જોગવાઈઓ સમાન કરી એકસુત્રતા લાવવામાં આવી છે. જેનાથી નાગરિકોને હવે

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિમાં ગાંધીનગર સમાચાર ‘વિશેષ સ્મરણાંજલિ પૂર્તિ’ ભાવકોને સંસ્મરણો મોકલવા ગાંધીનગર સમાચારનું આમંત્રણ

વિશ્વવંદનીય સંતવિભૂમતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભાવવંદના માટે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ ગાંધીનગર શહેરના નાગરિકો દ્વારા આગામી તા. ૬ સપ્ટેમ્બરના રોજ આયોજિત કરવામાં આવ્યો છે.



નાગરિકોના ધબકાર સાથે હરહંમેશ ધબકતું ‘ગાંધીનગર સમાચાર’ આ ઉપક્રમે પણ શહેરનો સાથ આપવા તૈયાર છે અને શહેરના નાગરિકોને આમંત્રે છે પ્રમુખસ્વામી મહારાજ સાથેનાં પોતાનાં સંસ્મરણોને લખી મોકલવા માટે.

પ્રમુખસ્વામી મહારાજ સાથેનાં આપનાં સંસ્મરણો કાગળની એક તરફ લખી મોકલી આપશો તો એ સંસ્મરણોને તા. ૬ સપ્ટેમ્બરના રોજ ‘ગાંધીનગર સમાચાર’ દ્વારા પ્રકાશિત વિશેષ સ્મરણાંજલિ પૂર્તિમાં પ્રકાશિત કરવામાં આવશે. કૃપયા નોંધ લેશો કે આ સંસ્મરણો તા. ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ ‘ગાંધીનગર સમાચાર’ કાર્યાલય ખાતે સ્વીકારવામાં આવશે.

સંસ્મરણો આપ ઈ-મેઈલના માધ્યમથી પણ મોકલી શકો છો. ‘gandhinagarsamachar @gmail.com’ દ્વારા તા. ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ આપનાં લખાણો સ્વીકારવામાં આવશે.

વાચકોને વિનંતી છે કે લખાણની લંબાઈ ૨૦૦ શબ્દોની રાખવામાં આવે. લખાણોના એડિટિંગ અને પ્રકાશનનો અધિકાર ‘ગાંધીનગર સમાચાર’ અબાધિત રાખે છે.

## કમલમ્ ખાતે ભાજપની કોર કમિટિની બેઠક અમિત શાહની ઉપસ્થિતિમાં યોજાઈ

અમદાવાદ, તા.૨

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ગઈરાત્રે અમદાવાદ આવી પહોંચ્યા બાદ તેમનું નિવાસસ્થાને આજે દિવસભર ભારે રાજકીય ચહલ પહલથી ધમધમી ઉઠ્યું હતું. અમિત શાહે સાંજે ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રીકમલમ ખાતે પક્ષના હોદ્દેદારો સાથે બેઠક કરી પ્રદેશ સંગઠનની પુનઃરચના તથા બોર્ડ નિગમોમાં નિમણૂકોના મુદ્દે કેટલીક વિશેષ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત તા.૮મી એ સુરત ખાતે યોજાનારા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખથી માંડીને પાટીદાર સાંસદો તથા ધારાસભ્યોના સન્માન સમારંભ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. પાટીદાર સમાજ દ્વારા યોજાનારા આ સન્માન સમારંભમાં ખુદ અમિત શાહ પણ હાજર રહેનાર હોવાથી પાટીદારોને ફરી ભાજપ તરફ વાળવાની વિશેષ રણનિતી પણ તૈયાર કરવામાં આવી હતી અને પાટીદાર યુવાનો ભાજપ તરફ વળે તેવા વેગવંતા પ્રયાસો કરવાનો પણ આ બેઠકમાં નિર્ણય લેવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આનંદીબેન પટેલે રાજીનામુ

● અનુસંધાન પાન-૭ પર











